# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૦૮-૧૧-૨૦૨૪ શુક્રવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ:

રાજ્યના ૧૬૦ થી વધુ ખરીદ કેન્દ્રો ખાતેથી તા. ૧૧ નવેમ્બરના રોજ ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાબરકાંઠાના હિંમતનગર ખાતેથી ખરીદીનો આરંભ કરાવશે. આ વેચાણ માટે ૩ લાખ ૩૩ હજારથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. આ ઓનલાઇન નોંધણી માટે ૧૦ નવેમ્બર છેલ્લો દિવસ નક્કી કરવામાં આવ્યો છે. ઓનલાઇન નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં મગફળી ખરીદાશે તેમ કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.. તેમણે અફવાઓથી દૂર રહેવા ખેડૂતોને અપીલ કરી હતી. ૧ હજાર ૩૫૬ રૂપિયા અને ૬૦ પૈસા લેખે પ્રતિ મણના ભાવે પૂરતા પ્રમાણમાં મગફળીની ખરીદી કરવામાં આવશે.

ભારત સરકારની તાજેતરની જાહેરાત મુજબ એક દિવસમાં એક ખેડૂત પાસેથી વિસ્તાર આધારિત મહત્તમ ૪ હજાર કિલોગ્રામ એટલે કે, ૨૦૦ મણ મગફળીની ખરીદી કરવામાં આવશે. ખેડૂતોની લાગણી અને માંગણીને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે વેચાણ માટે નોંધણીની તારીખ લંબાવવામાં આવી છે. હજુ પણ નોંધણી કરાવવાની બાકી હોય તેવા તેવા ખેડૂતો આગામી તા. ૧૦ નવેમ્બર સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકશે તેમ કૃષિમંત્રીએ જણાવ્યું હતું.

- (RNU અમદાવાદ)

---

## ખેતી નિયામકની સ્પષ્ટતા-ખાતરની અછત નથી:

રાજ્યના ખાતરની અછત છે તેવા અહેવાલો સામે ખેતી નિયામક એસ.જે સોલકીએ સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું હતું કે રાજ્યમાં ખાતરની કોઈ ખોટ નથી. તેમણે ખાતરના સંગ્રહખોરોને ચેતવતા કહ્યું હતું કે જો સંગ્રહ ખોરી પકડાશે તો ફરિયાદ દાખલ કરવામાં આવશે. તેમણે ખેડૂતોને હૈયાધારણા આપતાં કહ્યું હતું કે તમામ ખેડૂતોને પુરતુ ખાતર મળે તે માટે રાજ્ય સરકારદ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજ્યમાં DAPમાં 1 લાખ 75 હજારની સામે 45 હજાર મેટ્રિક ટન ખાતર ઉપલબ્ધ છે. જ્યારે NPKમાં 1.75 લાખ મેટ્રિક ટનની આવશ્યકતા સામે 2 લાખ 13 હજાર મેટ્રિક ટનનો જથ્થો ઉપલબ્ધ છે તેમ જણાવ્યું હતું.

- (RNU અમદાવાદ)

---

## ચોથા નાણાપંચના અધ્યક્ષ:

રાજ્યના ચોથા નાણાપંચના અધ્યક્ષ તરીકે યમલ વ્યાસે આજે ચાર્જ સંભાળ્યો હતો. નાણાપંચના ગાંધીનગર સ્થિતિ નવા સચિવાલયના કાર્યાલય ખાતે યમલ વ્યાસ પહોંચ્યા હતા અને તેમણે કાર્યભાર સંભાળ્યો હતો. નાણાંપચની ઓફિસના અધિકારીઓ અને કર્મચારીઓએ તેમને આવકાર્યા હતા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તાજેતરમાં જ તેમને રાજ્યના ચોથા નાણાપંચના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા હતા..

- (RNU અમદાવાદ)

---

## રાજ્ય, જીલ્લા-જલારામ જયંતીની ઉજવણી:

રાજ્યમાં સંત જલારામ બાપની આજે 225 મી જન્મજયંતીની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી રહી છે,ત્યારે રાજકોટના વિરપુર ગામમાં લાખો લોકો બાપાના દર્શન કરવા માટે ઉમટી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે આશરે 210 વર્ષ પહેલા વીરપુરમાં જલારામ બાપાએ સદાવ્રત શરૂ કર્યું હતું જે આજે પણ અખંડ ચાલી રહ્યું છે. દિવાળી જેવો માહોલ આજે વીરપુરમાં જોવા મળી રહ્યો છે.

સંત શિરોમણી જલારામ બાપાની 225 મી જન્મજયંતિની આજે જીલ્લામાં શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે . જિલ્લામથક ભુજના ઐતિહાસિક રવાણી ફળિયા જલારામ મંદિર ખાતે આજે સવારથી પૂજન-અર્ચન, આરતી, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. તો, રાત્રે લોકડાયરાનું આયોજન કરાયું છે. તો, ભુજ લોહાણા મહાજન દ્વારા દરીયાસ્થાન મંદિરે બાપાની પૂજનવિધિ ઉપરાંત સ્મશાનગૃહના નવીનીકરણનું ખાતમુર્હુત કરાયું હતું.

બીજી બાજુ, રઘુવંશી જલારામ સેવા ટ્રસ્ટ ગાંધીધામ દ્વારા શોભાયાત્રા સહિતના ધાર્મિક આયોજનો કરાયા છે.

- (RNU અમદાવાદ, NP, કલ્પના શાહ)

---

## સંત સુરદાસ યોજના:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ , સમાજ સુરક્ષા ખાતું , ગાંધીનગર દ્વારા નાગરિકોના કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત સંત સુરદાસ યોજના હેઠળ ૧૮ વર્ષ થી નીચેના વય જૂથ ના અરજદાર કે જે ૮૦% અથવા તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય, ગ્રામ્ય વિસ્તારમાં 0 થી ૨૦ અંકનો બી.પી.એલ.નો દાખલો અને શહેરી વિસ્તાર માટે કેન્દ્ર સરકારના શહેરી વિકાસ ગાઈડલાઈન મુજબ લાભાર્થી ગુણાંક ધરાવતા તેમજ સુવર્ણજયંતિ કાર્ડ ધરાવતા લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. અરજદારની પાસે દિવ્યાંગ ઓળખકાર્ડ હોવું જરૂરી છે. તેવા લાભાર્થીને માસિક રૂ. ૧૦૦૦ સહાય આપવામાં આવશે. આ સહાયની રકમ સીધી જ તેમના બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે.

આ યોજના અંગે વધુ માહિતી મેળવવા માટે નજીકના જનસેવા કેન્દ્ર ,જિલ્લા કલેકટર કચેરી, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતનો સંપર્ક સાધી શકાશે.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## ગાઢ ધુમ્મસ:

જીલ્લામાં આજે વહેલી પરોઢથી ગાઢ ધુમ્મસનો માહોલ સર્જાયો હતો. કેટલીક જગ્યાએ ઝરમર વરસાદ સ્વરૂપે ધુમ્મસનું ગાઢ આવરણ રહેતા માર્ગો ભીના બન્યા હતાં. બીજી બાજુ ગાઢ ધુમ્મસને કારણે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને વાહન ચાલકોએ પોતાના વાહનોની ગતિ નિયંત્રિત રાખવાની સાથે વાહનોની હેડલાઈટ પણ ચાલુ રાખવાની ફરજ પડી હતી.

મોડી રાત્રે અને સવારે ઠંડીના અનુભવ વચ્ચે બે દિવસથી ઝાકળને લીધે ઠંડીમાં વધઘટ જોવા મળી હતી. ભુજ તાલુકાના લોરિયા, નિરોણા, માધાપર, ભુજોડી, લખપત તાલુકાના દયાપર, દોલતપર, ઘડુલી, માતાના મઢ, તેમજ ગાંધીધામ શહેર સહીત તાલુકાના ગ્રામ્ય વિસ્તાર સહિતના વિસ્તારોમાં વહેલી સવારથી ઝાકળ વર્ષાને કારણે ધુમ્મસનો માહોલ સર્જાયો હતો.

- (NP, કલ્પના શાહ)

---